ન્યાય સહાયક વિજ્ઞાન ખાતાના હેન્ડરાઇટિંગ અને ફોટોગ્રાફી વિભાગમાં દસ્તાવેજોના પરિક્ષણ માટે પેઇડ કેસોની ફીમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
ક્રમાંક: ફસલ/૧૦૨૦૦૦/૩૭૨/અ(પા.ફા.)
તા. ૦૩/૧૧/૨૦૨૨

**વંચાણે લીધા:**

(૧) ગૃહ વિભાગનો તા. ૧૮/૧૧/૨૦૦૬નો ઠરાવ ક્રમાંક: ફસલ/૧૦-૨૦૦૦/૩૭૨/અ

(૨) નિયામકશ્રી, ન્યા.સ.વિ. કચેરીનો તા. ૦૯/૧૦/૨૦૧૯નો પત્ર ક્રમાંક: ડીએફએસ/ક-૧/૪૯૮૧/૨૦૧૯

(૩) નિયામકશ્રી, ન્યા.સ.વિ. કચેરીનો તા. ૧૭/૦૭/૨૦૨૦નો પત્ર ક્રમાંક: ડીએફએસ/ક-૧/૨૪૯૦/૨૦૨૦

**ઠરાવ:**

સંદર્ભ ક્રમાંક: (૧) સામેના વંચાણમાં લીધેલ ઠરાવથી ન્યાય સહાયક વિજ્ઞાન ખાતાના ખાતાના હેન્ડરાઇટિંગ અને ફોટોગ્રાફી વિભાગમાં ખાનગી સંસ્થા કે અન્ય બહારની વ્યક્તિઓ, તમામ સરકારી/અર્ધ સરકારી વિભાગો, બહારના રાજ્યો તથા કેન્દ્ર સરકારની સંસ્થાઓ તરફથી આવતા પેઇડ કેસોની ફીમાં સુધારો કરેલ છે.

૨. નિયામકશ્રી, ન્યાય સહાયક વિજ્ઞાન કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના વંચાણમાં લીધેલ ક્રમાંક: (૨) અને (૩) સામે દર્શાવેલ તા. ૦૯/૧૦/૨૦૧૯ અને તા. ૧૭/૦૭/૨૦૨૦ના પત્રોથી ખાતાના હેન્ડરાઇટિંગ અને ફોટોગ્રાફી વિભાગમાં તકરારી દસ્તાવેજોના પરિક્ષણ માટે પેઇડ કેસોમાં ઓપિનિયન ફી, ફોટોગાર્ફીક ચાર્જિસ અને કોર્ટ એટેન્ડન્સ ફીમાં સુધારો કરવા માટે કરેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૩. ન્યાય સહાયક વિજ્ઞાન ખાતામાં વસાવેલા અદ્યતન સાધનો અને તેના વાર્ષિક જાળવવણી ખર્ચ તેમજ પ્રત્યેક ક્ષેત્રમાં થયેલ મોંઘવારીના વધારાને ધ્યાનમાં રાખી કાળજીપૂર્વકની વિચારણાને અંતે હેન્ડરાઇટિંગ અને ફોટોગ્રાફી વિભાગમાં પરિક્ષણ માટે મોકલાતા નમૂનાઓના દરો નીચે મુજબના કોષ્ટક પ્રમાણે આથી પુન: નક્કી કરવામાં આવે છે.

## ઓપિનિયન ફી, કોર્ટ એટેન્ડસ ફી, ટ્રાવેલિંગ ફીના દર

| ક્રમ | વિગત | ફીનો દર |
|---|---|---|
| ૧ | ઓપિનિયન ફી | રૂ. ૧૦,૦૦૦/-(૧ થી ૫ તકરારી એક્ઝિબિટ્સ) + રૂ. ૧૦૦૦ પ્રત્યેલ વધારાના તકરારી એક્ઝિબિટ્સ દિઠ |
| ૨ | નિષ્ણાતોએ પ્રત્યેક કેસ કેસ દિઠ અભિપ્રાય માટે કોર્ટમાં આપેલ હાજરી(કોર્ટ એટેન્ડન્સ) માટેની એવિડન્સ ફી તેમજ ટ્રાવેલિંગ ફી | અ) કોર્ટ એટેન્ડન્સ/એવિડન્સ ફી પ્રતિ કેસ પ્રતિ દિવસ રૂ. ૪૦૦૦/-<br>બ) સાક્ષી માટે મુસાફરીના પ્રત્યેક દિવસની ટ્રાવેલિંગ ફી રૂ. ૪૦૦૦/-<br>ક) મુસાફરીના ચાર કલાક સમય પસાર કરેલ હોય તો ટ્રાવેલિંગ ફી રૂ. ૪૦૦૦/-<br>ડ) મુસાફરીના ચાર કલાકથી ઓછો સમય પસાર કરેલ હોય તો ટ્રાવેલિંગ ફી રૂ. ૨૦૦૦/<br>ઇ) જે દિવસ માટે કોર્ટ એટેન્ડન્સ ફી લેવામાં આવશે તે દિવસ માટે ટ્રાવેલિંગ ફી લેવામાં આવશે નહી |
| 3 | મુસાફરી ભથ્થું | સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ |

## ડોક્યુમેન્ટ ફોટોગ્રાફીના ફીના દર

| ક્રમ | | ડિજિટલ ફોટોગ્રાફી/ડોક્યુમેન્ટના ફોટોગ્રાફની સાઇઝ | ફીના દર | |
|---|---|---|---|---|
| | | | પ્રથમ કોપી | બીજી કોપી |
| અ | ૧ | કલર પ્રિન્ટ(A-4 Size) | રૂ. ૧૫૦/- | રૂ. ૭૫/- |
| | ૨ | બ્લેક એન્ડ વ્હાઇટ(A-4 Size) | રૂ. ૧૦૦/- | રૂ. ૫૦/- |
| | | સ્પેશિયલ ફોટોગ્રાફી | ફીના દર | |
| | | | પ્રથમ કોપી | બીજી કોપી |
| બ | ૧ | ટ્રાન્સમિટેડ, ઇન્ફ્રારેડ, ઓબ્લિગ લાઇટ, અલ્ટ્રાવાયોલેટ લાઇટ, ફોટોગ્રાફી ઇન મેઝરિંગ પ્લેટ | રૂ. ૩૦૦/- | રૂ. ૨૦૦/- |
| | ૨ | અદ્યતન વૈજ્ઞાનિક સાધનોની મદદથી મેળવેલ ડિજિટલ ફોટોગ્રાફી પ્રિન્ટ | રૂ. ૩૦૦/- | રૂ. ૨૦૦/- |
| ક | | ડોક્યુમેન્ટની ડિજિટલ ફોટોગ્રાફીની ડેટા સીડી/ડીવીડી | રૂ. ૩૦૦/- | રૂ. ૨૦૦/- |

૪. ઉપરોક્ત કોષ્ટકના કોલમ-૩માં દર્શાવ્યા પ્રમાણેના દરો ગુજરાત સરકાર, ગૃહ વિભાગ સિવાયના ગુજરાત સરકારના તેમજ અન્ય સરકારી/અર્ધ સરકારી વિભાગો, બહારના રાજ્યો તથા કેન્દ્ર સરકારની સંસ્થાઓ તરફથી આવતા નમૂનાઓની ચકાસણી માટે લાગુ પડશે.

૫. આ સુધારેલ દરોનો અમલ ઠરાવની તારીખથી કરવાનો રહેશે.

૬. વધુમાં દર વર્ષે આ દરોમાં ૧૦% મુજબનો વધારો કરવાનું પણ આથી ઠરાવવામાં આવે છે. આ અંગે ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરીએ સમયસર ફી વધારા અંગે ગૃહ વિભાગની મંજૂરી મેળવવાની રહેશે.

૭. સંદર્ભ ક્રમાંક: (૧) સામે દર્શાવેલ ગૃહ વિભાગના તા. ૧૮/૧૧/૨૦૦૬ના ઠરાવની અન્ય વિગતો યથાવત રહેશે.

૮. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા. ૦૩/૦૯/૨૦૨૨ની નોંધ મારફતે સરકારશ્રીની તા. ૨૧/૧૦/૨૦૨૨ની નોંધથી મળેલી અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Jigar

(જીગર પટેલ)
નાયબ સચિવ,
ગૃહ વિભાગ.

પ્રતિ,

- અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, ન્યાય સહાયક વિજ્ઞાન કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નાયબ નિયામકશ્રી, ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા, અમદાવાદ.
- નાયબ નિયામકશ્રી, પ્રાદેશિક ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા, જૂનાગઢ/રાજકોટ/વડોદરા/સુરત.
- પ્રિન્સિપાલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ/જૂનાગઢ/રાજકોટ/વડોદરા/સુરત.
- સેક્શન અધિકારીશ્રી, 'ચ' શાખા, નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- માહિતી નિયામકશ્રી, ગાંધીનગર.(આ અંગેની પ્રસિદ્ધિ વર્તમાનપત્રોમાં આપવાની વિનંતી સહ)
- ભાષા નિયામકશ્રીની કચેરી, ડૉ. જિવરાજ મહેતા ભવન, ગાંધીનગર(આ ઠરાવનો અંગ્રેજીમાં અનુવાદ કરી ૧૦ નકલ આ વિભાગને પુરી પાડવાની વિનંતી સહ)
- આઇ.ટી.સેલ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.(આ ઠરાવ વિભાગની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવાની વિનંતી સહ)
- શાખા પસંદગી ફાઇલ.
- નાયબ સેક્શન અધિકારી પસંદગી ફાઇલ